# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

## આઈ ચેક અપ કેમ્પ

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને શંકરા આઈ હોસ્પિટલ, મોગરના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટીના તમામ કોલેજ, પોલીટેકનીકના અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા વસાહતીઓ માટે તા. ૧૨/૧૦/૨૦૧૮ ના રોજ બાગાયત મહાવિદ્યાલય ખાતે નિઃશુલ્ક આઈ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. સદર કેમ્પ દરમ્યાન રેટીના ચેક અપ, કલર વિઝન, ગ્લુકોમા, રીફ્રેકશન, મોતીયા, ઝામર વિગેરેની તપાસ કરવામાં આવી હતી. ૨૩૦ જેટલા યુનિવર્સિટીના અધિકારી, કર્મચારી તેમજ રોજમદારે સદર આઈ ચેક અપ કેમ્પનો લાભ લીધેલ અને ચકાસણી કરાવેલ. આ કેમ્પ દરમ્યાન મોતીયાના ૮ કેસ, વેલનો ૧ કેસ, નંબરના ચશ્મા માટે ૧૫૦ કેસ જોવા મળેલ હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. એસ. એચ. અકબરી, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ તથા ડૉ. એચ. સી. પટેલ, આચાર્યશ્રી, બાગાયત મહાવિદ્યાલયે ખાસ જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. સી.એચ. રાવલ, પ્રોગ્રામ ઓફીસર, રાષ્ટ્રીય સેવા યોજના, બાગાયત મહાવિદ્યાલય ધ્વારા કરવામાં આવેલ હતું.


બાગાયત મહાવિદ્યાલય









